## વડીલોને વંદન અભિનંદન



અંબુજી વી. વિહોલ
(૧૯૩૯) મો. ૯૯૨૪૨૩૬૦૭૦



ડૉ. અમૃતલાલ વિરચંદદાસ પટેલ
(૧૯૪૩) ફોન: ૨૩૨૨૫૪૭૫

# રાજ્યમાં ધો. ૧૦-૧૨ની પરીક્ષાનો શાંતિપૂર્ણ પ્રારંભ

અમદાવાદ, તા. ૭

ધો. ૧૦ અને ૧૨ની સામાન્ય પ્રવાહની પરીક્ષાનો આજથી પ્રારંભ થયો છે. આજે સવારે વિદ્યાર્થીઓ તથા વાલીઓ જે તે કેન્દ્ર પર જવા તેમનો નંબર આપ્યો હોય ત્યાં સવારે ૯.૩૦ વાગ્યાથી પહોંચી ગયા હતા. આજે પ્રથમ પેપર હોવાથી વિદ્યાર્થીઓ થોડા તણાવમાં જણાતા હતા. પરંતુ મોટાભાગની સ્કૂલો દ્વારા વિદ્યાર્થીઓને કંકુ ચાંલ્લા કરી સાકર, ગોળ ધાણા ખવરાવી મોં મીઠું કરાવી પરીક્ષા માટે શુભકામના આપી હતી.

ધો. ૧૦માં આજે પ્રથમ ભાષાનું પેપર હતું જેમાં આજે પ્રથમ ભાષાનું ગુજરાતીનું પેપર પ્રમાણમા ઘણું સરળ હતું. મોટાભાગના વિદ્યાર્થીઓ પેપર ખુશીથી લખી રહ્યા હતા. જ્યારે પેપર પૂર્ણ થયું ત્યારે બહાર નિકળતા દરેક વિદ્યાર્થીઓના મોંઢા

### પ્રશ્નપત્રો સરળ નિકળતાં વિદ્યાર્થીઓમાં આનંદ

પર આનંદ સાથે ખુશી છવાયેલી હતી. ધો. ૧૦ના ગુજરાતીના પેપરમાં મોંઘવારીનું વિષચક્ર તથા પ્રવાસનું જીવન ઘડતરમાં સહાય વિશે આઠ ગુણના નિબંધો પૂછાયા હતા. ધો. ૧૦માં ધાનેરામાં ડી. બી.પારેખ સ્કૂલમાં કોપી કેસનો એક કિસ્સો તથા બનાસકાંઠામાં ૭ કોપી કેસ નોંધાયા હતા.

જ્યારે ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં આજે નામાના મૂળ તત્વોનું પેપર હતું. આ પેપર બપોરે ૩.૦૦ વાગ્યાથી શરૂ થયું હતું. વિદ્યાર્થીઓને પ્રથમ દિવસે ૩૦ મિનીટ વહેલા જવા દેવામાં આવ્યા હતા. પેપર વિદ્યાર્થીઓને પ્રમાણમાં સહેલું હતું. પરંતુ અઘરું પેપર હોવાનું ઘણા વિદ્યાર્થીઓને લાગતું હતું. ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં પંચમહાલમાં ૩ કોપી કેસ નોંધાયા હતા.

ધો. ૧૨માં વિજ્ઞાન પ્રવાહના જુના કોર્સમાં પણ આજે પ્રથમ પેપર હતું. જેમાં આજે રાસાયણ વિજ્ઞાનનું પેપર હતું. આ જુના કોર્સમાં વિદ્યાર્થીઓને આ વખતે જુના કોર્સમાં છેલ્લું વર્ષ પરીક્ષા આપવા માટે છે. કારણ કે ધો. ૧૨ સાયન્સમાં હવે સેમિસ્ટર સિસ્ટમ હોવાથી જે વિદ્યાર્થીઓ આ વખતે પણ નાપાસ થશે તેમને હવે બધી ફરજિયાત સેમિસ્ટર સિસ્ટમ પરીક્ષા આપવી પડશે.

બોર્ડના સત્તાવાળાને પરીક્ષા અંગે પૂછતા તેમણે જણાવ્યું હતું કે, ધો. ૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહ તથા વિજ્ઞાન પ્રવાહના જુના કોર્સની પરીક્ષા આજે રાજ્યમાં દરેક જગ્યાએ શાંત રીતે પૂરી થઈ છે. દરેક પેપરો સરળ તથા એવરેજ હતા.

રાજ્યમાં ક્યાંયથી મોટા પાયે ગેરરીતિની ફરિયાદો નોંધાઈ નથી. તથા પરીક્ષા શાંત રીતે પૂર્ણ થઈ હતી.




# મારા શાસનમાં ગૌચરની તસુ જમીન પણ વેચી નથી : શંકરસિંહ

ગાંધીનગર, તા. ૭

ગુજરાત વિધાનસબામાં ભાજપ દ્વારા રાજકીય લાભ ખાટવા માટે છેલ્લાં ૧૦ વર્ષથી કેન્દ્ર સરકારની ટીકાએ કરી અસત્ય જવાબો આપવામાં આવે છે. ગઈકાલે સરકારના મંત્રીએ ગૌચર બાબતે વાત કરી હતી. પરંતુ મારા મુખ્યમંત્રી કામ દરમિયાન ગૌચરની એક ચો.મી. જમીન પણ વેચાઈ નથી. સરકાર ગૌચરની જમીન વેચી શકે નહીં તેમ વિધાનસભાના વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ આજે અખબારી યાદીમાં જણાવ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતુંકે, મારા શાસનમાં ગુજરાત ઔદ્યોગિક નીતિ અનુસાર કામગીરી થઈ હતી. સરકારી ખરાબાની જમીનની માંગણીને મંજુર રાખવા તા. ૬ઠ્ઠી માર્ચ ૧૯૯૬ના પત્ર અનુસાર ૨૦૦૦ એકરની માંગણી પૈકી ૩૦૦ એકર જમીન ફાળવવા ગુજરાત મેરી ટાઈમ બોર્ડ બંદર વિભાગને લખ્યો હતો. પરંતુ આ જમીનની કિંમત ૫૦ લાખ કરતાં ઓછી હોવાથી તે કેબિનેટ સમક્ષ કે રાજ્યકક્ષાની મૂલ્યાંકન સમિતિ સમક્ષ નહીં પરંતુ જિલ્લા સમિતિ સમક્ષ આ માગણીપત્ર મુકાયો હતો.

જયારે ભાજપ સરકાર પોલીમર્સના ફલોરો કેમિકલ્સ માટે અદાણીને ૩૨૫ એકર અને ગોડાઉનો માટે ૧૭૫ એકર જમીન આવેલી જે ૨૦૦૧ પછી હેતુફેર કરી બંદરની પ્રવૃત્તિ કોઈપણ પ્રિમીયમ લીધા સિવાય ભાજપ સરકારના મહેસુલ વિભાગે આપી હતી. એટલું જ નહીં અગાઉ આપેલી ૩૦૦ એકર જમીન પૈકી ૬૭ એકર જમીન હેતુ સિવાય ઉપયોગ માટે માત્ર ૨.૫૦ પ્રતિ મીટરની મામૂલી કિંમતે આપી હતી. આ સિવાય અન્ય જમીનો પણ હેતુ સિવાયના ઉપયોગ માટે મામલૂ કીંમતે આપી હતી. આ જમીનોમાં શરતભંગ થયો હોવા છતાં કોઈપણ દંડનીય કાર્યવાહી કરવામાં આવી નથી. આ બતાવે છે કે સરકાર ઔદ્યોગિક નીતિને અનુસરતા નથી.

તેમણે નિવેદનમાં જણાવ્યું છે કે નાણાંકીય સમિતિઓમાં સરકારની ગેરરીતિઓ આચરી તપાસવાના મુદ્દા ઉપસ્થિત થયા છે. તેથી ધ્યાન બીજે દોરવા મહેસૂલ મંત્રીએ બજેટના મુદ્દાના ખુલાસા કરવાના બદલે વાહિયાત આક્ષેપો કર્યા છે.

વાઘેલાએ જણાવ્યું છે કે ભાજપ સરકારે ટાટાને નૈનો કાર પ્રોજેક્ટ માટે સાણંદ ખાતેની કૃષિ યુનિવર્સિટીની પશુ સંશોધન માટેની અનામત જમીન આપી દીધી છે. મારી સામે જો આક્ષેપો કરવામાં આવ્યા છે તે આજે ભાજપ સરકારને ૧૫ વર્ષે યાદ આવ્યા. જસ્ટીસ સોની જયારે લોકાયુક્ત હતા ત્યારે તેઓ દ્વારા આ સંપૂર્ણ આક્ષેપોમાંથી મને કલીન ચીટ મળેલી છે. સરકાર કોંગ્રેસના સમયમાં ગૌચરની જમીન વેચી દીધાનો આક્ષેપ કરે છે. દક્ષિણ ગુજરાતની અંદર ઘાસિયા જમીનો કે જેને સરકાર ગૌચરની જમીન કહી વેચી દીધાનો આક્ષેપ કરે છે. એ ઘાસિયા જમીનો હકીકતે જમીનદારોની માલિકીની હતી અને તે જમીનો ઉદ્યોગપતિઓને નહીં પરંતુ હળપતિઓને આપી હતી.

## પેટ્રોલ પરનો વેટ અન્ય રાજ્યો કરતા ગુજરાતમાં ઓછો

### ગુજરાતમાં ૨૩ ટકા, મધ્યપ્રદેશમાં ૨૭ ટકા, મહારાષ્ટ્રમાં ૨૫ ટકા અને રાજસ્થાનમાં ૨૬ ટકા વેટનો દર

ગાંધીનગર, તા. ૭

પેટ્રોલિયમ પદાર્થો પર ગુજરાત સરકારે વેટ ઘટાડતી ન હોવાથી રાજ્યમાં પેટ્રોલના ભાવ અન્ય રાજ્યો કરતાં વધુ છે તેવા કોંગ્રસના આક્ષેપોનો જવાબ આપતા નાણામંત્રી નીતિન પટેલે પ્રશ્નોત્તરીકાળ દરમિયાન આજે વિધાનસભામાં જણાવ્યું હતુંકે, અન્ય રાજ્યોની તુલનામાં ગુજરાતમાં પેટ્રોલ પર સૌથી ઓછો એટલે કે ૨૩ ટકા છે, જ્યારે પેટ્રોલનો ભાવ પણ ૭૭.૩૧ છે જે અન્ય રાજ્યો કરતાં ઓછો છે.

પ્રશ્નોત્તરી કાળ દરમ્યાન તેમણે રાજયોની તુલનામાં ગુજરાતમાં પેટ્રોલના ભાવ અને વેટના દરોની તુલનાત્મક વિગતો આપતા જણાવ્યું હતુંકે, રાજયોના જે તે મહત્વના શહેરોમાં પેટ્રોલના લીટરના ભાવો જોઈએ તો અમદાવાદમાં રૂા. ૭૪.૩૧ રાજસ્થાનમાં રૂા. ૭૪.૧૫, કલકત્તામાં રૂા. ૭૮.૩૪ લખનૌમાં રૂા. ૭૬.૨૭, મુંબઈમાં રૂા. ૭૭.૬૬, પૂનામાં રૂ. ૭૭.૯૨ અને પટણામાં રૂા. ૭૫.૫૨નો ભાવ છે. જે વેટના દર સાથેનો છે. આમ પેટ્રોલના લીટરદીઠ સરેરાશ ભાવમાં ૨૫-૩૦ પૈસાથી કોઈ મોટો તફાવત નથી.

આ જ પ્રમાણે પેટ્રોલ પરના વેટના દર મધ્યપ્રદેશમાં પેટ્રોલ પર ૨૭ ટકા, ગુજરાતમાં ૨૩ ટકા, મહારાષ્ટ્રમાં ૨૫ ટકા અને રાજસ્થાનમાં ૨૬ જેટલો છે.



અસલાલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં બીએમડબલ્યુ કાર અને રિક્ષા વચ્ચ અકસ્માત થયો હતો.

## હવે વિઠ્ઠલ રાદડિયા આજે વિધિવત ભાજપમાં જોડાશે

અમદાવાદ, તા.૭

કોંગ્રેસના શક્તિશાળી નેતા વિઠ્ઠલ રાદડિયા તથા તેમનો પુત્ર જયેશ રાદડિયા આવતીકાલે વિધિવતરીતે ભાજપમાં જોડાનાર છે. થોડાક સમય પહેલા જ રાદડિયાએ કોંગ્રેસમાંથી રાજીનામુ આપી દીધુ હતુ. રાદડિયા થોડાક સમય પહેલા ટોલનાકા પર બંદુક લઈને નીકળી પડવાના મામલે ભારે ચર્ચામાં આવ્યા હતા. આવતીકાલે તેઓ ભાજપમાં જોડાનાર છે. ભાજપમાં જોડાવાના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં તેમના સમર્થકો ઉમટી પડે તેમ માનવામાં આવે છે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં તેઓ ભાજપમાં જોડાશે. રદડિયાને સૌરાષ્ટ્રના શક્તિશાળી નેતા તરીકે જોવામાં આવે છે. ગુજરાતના ભૂતપૂર્વ સાંસદ ગયા વર્ષે કેમેરામાં બંદૂક લઈને નિકળી પડ્યા બાદ કેમેરામાં કેદ થઈ ગયા હતા. તેઓએ કોંગ્રેસમાંથી રાજીનામુ આપી દીધુ છે. મોદીના



નેતૃત્વમાં ભાજપ સરકારની પ્રશંસા કરીને હાલમાં જે તેઓએ ભાજપમાં સામેલ થવાના સંકેત આપ્યા હતા. કેન્દ્રિય બજેટના દિવસો દરમિયાન તેઓ ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને મળ્યા હતા. રાદડિયાએ કહ્યુ હતુકે મોદીના નેતૃત્વમાં ગુજરાત વિકાસની નવી ઉંચાઈએ પહોંચ્યુ છે. લેઉવા પટેલ સમુદાયમાં રાદડિયા ખૂબજ શક્તિશાળી ગણવામાં આવે છે. તેમની ભાજપમાં એન્ટ્રીથી પક્ષને મજબુતી મળશે. સૌરાષ્ટ્રના શક્તિશાળી નેતાએ આ વર્ષે વિધાનસભાની ચૂંટણી પણ લડી હતી.

## દ્વારકાધીશ મંદિરનો મુખ્ય દ્વાર ખોલવા હાઈકોર્ટમાં રીટ

અમદાવાદ, તા. ૭

દ્વારકાદીશ મંદિરનો મુખ્ય દ્વાર ખોલવા મામલે થયેલી જાહેર હિતની રીટ પિટીશનમાં હાઈકોર્ટના ચીફ જસ્ટીસ ભાસ્કર ભટ્ટાચાર્ય અને જસ્ટીસ જે. બી. પારડીવાલાની ખંડપીઠે પોતાનો ચુકાદો અનામત રાખ્યો છે. સોમવારે ચુકાદો જાહેર થાય તેવી શક્યતા છે.

અરજદાર અનિલભાઈ દેવરથભાઈએ ગુજરાત હાઈકોર્ટમાં જાહેર હિતની રીટ પીટીશન દાખલ કરી હતી. જેમાં એવી રજુઆત કરવામાં આવી હતી કે રાજ્યનો અને સમગ્ર વિશ્વમાં સૌથી પુરાણો ઐતિહાસિક દ્વારકાધીશ મંદિરમાં પ્રવેશ કરવા માટે મુખ્ય બે દરવાજા છે. જે પૈકી મુખ્ય દ્વાર સત્તાવાળાઓ દ્વારા બંધ કરવામાં આવ્યો છે. જ્યારે એક દ્વાર ૨૦ ફુટની લંબાઈ ધરાવતો છે. એક જ દ્વારથી અવર જવર કરવામાં યાત્રીઓને હાલાકીનો સામનો કરવો પડે છે. એક જ દ્વારથી તમામ વયના યાત્રીઓ અવર જવર માટે ઉપયોગ કરતાં હોય છે. તેવા સંજોગોમાં બાળકો, મહિલા અને નાના નાના બાળકોને અવર જવર માટે ખૂબ જ મુશ્કેલી પડે છે.

### પિતા ગુમાવનાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

પરીક્ષાલક્ષી તૈયારીમાં વ્યસ્ત હતો ત્યારે પૂજા-અર્ચના પૂર્ણ કરી ઉભા થયેલા શૈલેષના પિતા અચાનક જ હૃદયરોગના હૂમલાનો ભોગ બન્યા હતા. પરીક્ષાની તૈયારી વચ્ચે આઘાતમાં સરી પડેલા પુત્રએ પરિવારજનો સાથે પિતાને અમદાવાદ સ્થિત ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. અભ્યાસમાં તેજસ્વી એવો શૈલેષ પણ પિતાની સારવાર સમયે હોસ્પિટલમાં ખડેપગે હાજર હતો. આ દરમિયાન શૈલેષના પિતાએ દેહ છોડતા પૂર્વે સારા ટકા લાવી ભણવામાં ધ્યાન આપવા અંતિમ શીખ આપી હતી. બોર્ડ પરીક્ષાના બે કલાક પૂર્વે તેના પિતાનું કરૂણ મોત નિપજ્યું હતું.

પિતાના અંતિમ શબ્દો કાને પડ્યા બાદ તેમની ઈચ્છાને ધ્યાને લઈ શૈલેષે આજે કરૂણ કાળજે બોર્ડની પરીક્ષા આપી હતી. અભ્યાસમાં હોંશિયાર આ વિદ્યાર્થીએ સરગાસણ સ્કૂલ ઓફ એચિવરમાં પેપર પુરુ કર્યા બાદ સાંજે ૬ વાગ્યા પછી પોતાના પિતાના દેહની સંસ્કાર વિધિ કરી હતી. જિલ્લા શિક્ષણાધિકારી ઉપરાંત પરીક્ષા કેન્દ્રના અન્ય સ્ટાફે પણ વિદ્યાર્થીને હિંમત આપી હતી.

### ભલામણને કારણે

● અનુસંધાન પહેલાનું ચાલુ

અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચામાં વિપક્ષના સભ્યોએ કરવેરા પર કોઈજ વાત કરી નથી અને વિકાસના માટે રચનાત્મક સૂચનો કર્યા નથી તે અંગે દુઃખ વ્યક્ત કરી તેમણે જણાવ્યું હતું કે સામાજિક-આર્થિક સમીક્ષાનું પ્રકાશન જો આખુ વાંચ્યું હોત તો તેઓએ જે ટીકા કરી છે તે પણ કરવાની ટાળી હોત તેવું હું માનુ છુ.

રાજ્ય સરકારે છેલ્લા દસ વર્ષમાં કોઈ ઓવરડ્રાફટ લીધો નથી અને કરકસરભર્યો વહીવટ કરી વિકાસને વેગ આપવામાં આવી રહ્યો છે.

નાણાંમંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે રાજ્યમાં કૃષિ ઉત્પાદન ૯૦ હજાર કરોડ પર પહોંચ્યું છે. તો સામાજિક સેવાઓ ક્ષેત્રે પણ નોંધનીય વધારો કરી અને સામાજિક સમરસતાની દિશામાં સરકારે મહત્વના પગલાં ભરવાનો નિર્ણય કર્યો છે. માનવ વિકાસ સૂચકાંક વધે તે માટે પણ અનેકવિધ પગલાં લેવામાં આવ્યા છે.

વધતા જતા દેવા અંગે વિપક્ષોના પ્રહારનો ઉલ્લેખ કરી પ્રત્યુત્તર આપતાં તેમણે જણાવ્યું હતુ કે જે સત્તા લોન મેળવવા માટે છે તેના કરતાં પણ ઓછી લોન મેળવવામાં આવી રહી છે. તબક્કાવાર ઘટાડો કરવામાં આવી રહ્યાની વિગતો આપતાં તેમણે જણાવ્યું હતું કે ૨૦૧૧-૧૨માં ૨૭ ટકા લોન મેળવવાની મંજૂરી સામે ૨૦ ટકા લોન લીધી હતી. ૨૦૧૨-૧૩માં ૧૯ ટકા લોન લીધી છે.


તેમણે જણાવ્યું હતું કે ખાતર પર વેરો અન્ય રાજ્યોમાં પણ વસુલવામાં આવી રહ્યો છે તો આંધ્રપ્રદેશ, કર્ણાટક, ઓરિસ્સામાં ૫ ટકા વેરો વસુલવામાં આવે છે. ગુજરાત જ વેરો વસુલે છે તે વાત ખોટી છે. ખેડૂતોને ગુમરાહ કરવાનો વિપક્ષ પ્રયાસ ના કરે.

### પરીક્ષાનો શાંતિપૂર્ણ પ્રારંભ

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિદ્યાર્થીઓને પુષ્પગુછ આપી શુભેચ્છા પાઠવી હતી. સે-૨૩ ગુરુકુળ સ્કુલમાં પણ મંત્રી વસુબેન ત્રિવેદીએ પરીક્ષાર્થીઓને પરીક્ષાલક્ષી શુભેચ્છા આપી હતી. ધો-૧૦માં પરીક્ષાના પ્રારંભે ગુજરાતી વિષયનું પ્રશ્નપત્ર સરળ નીકળતા વિદ્યાર્થીઓએ હાંશકારો અનુભવ્યો હતો. જિલ્લામાંથી ૨૨૩૧૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જયારે ૩૨૭ સ્ટુડન્ટ ગેરહાજર રહ્યા હતા. ગુજરાતીના પ્રશ્નપત્રમાં સતત બીજા વર્ષે મોંઘવારી અંગે નિબંધ પુછાયો હતો. મોંઘવારીનું વિષચક્ર તેમજ પ્રવાસનું જીવન ઘડતરમાં સ્થાન જેવા રસપ્રદ વિષય અંગે નિબંધ લખવાની વિદ્યાર્થીઓને મઝા પડી હતી. અંગ્રેજી માધ્યમમાં વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી વિષયની પરીક્ષા લેવાઈ હતી. ગુજરાતી તેમજ અંગ્રેજી બંને પ્રશ્નપત્રો પાઠયપુસ્તક આધારિત અને સરળ રહ્યા હતા. હેતુલક્ષી પ્રશ્નો અને વ્યાકરણ પણ સરળ હોવાથી વિદ્યાર્થીઓએ સમયમર્યાદામાં પેપર પુરું કરી દીધું હતું. ધો-૧૨ સામાન્ય પ્રવાહમાં સવારે સહકાર અને પંચાયત વિષયની પરીક્ષા યોજાઈ હતી. જયારે બપોરે નામાના મૂળતત્વો વિષયની પરીક્ષા લેવાઈ હતી. જિલ્લામાંથી ૫૭૯૦ વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા જયારે ૫૪ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. ધો-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે પ્રશ્નપત્ર સરળ નિકળતા પરીક્ષાર્થીઓ હળવા મૂડમાં જોવા મળ્યા હતા. પરીક્ષા દરમિયાન સ્કવોર્ડના અધિકારીઓએ પણ રાઉન્ડ લીધા હતા. જો કે જિલ્લામાં ગેરરીતિનો એક પણ કેસ નોંધાયો નથી. જિલ્લામાં ૧૦૦થી વધુ વિકલાંગ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. શહેરમાં સેન્ટ ઝેવિયર્સ શાળામાં વિકલાંગ વિદ્યાર્થીઓ માટે ખાસ બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

## શબ્દાવલી - ૫૦૦૦



### આડી ચાવી

૧. ભાગ્યે જ બનતો બનાવ (૩)
૬. બરફનો વરસાદ, ... પડવા (૨)
૭. લાલાશ (૩)
૯. તલ્લીનતા (૪)
૧૧. એક ઘરેણું (૨)
૧૩. તેમનું, ગાંડીવ અર્જુન... હતું (૨)
૧૪. છાતી ફાટી જાય તેવું (૩)
૧૫. ઝાકળ (૨)
૧૭. શરીર (૨)
૧૮. એક પ્રકારની ભાજી (૪)
૧૯. હેસિયત, કિંમત (૩)
૨૦. .... ચડીને, ઘોડા પર બેસીને (૨)
૨૧. દુઃખાવાનો સબાકો રસકસવાળી (૩)

### ઊભી ચાવી

૧. પરોક્ષ, અલોપ (૩)
૨. વક, સાર (૨)
૩. તિરાડ, તડ (૩)
૪. અણુનો પણ નાનો ભાગ (૪)
૫. પત્તા (૨)
૮. ખેંચ (૨)
૧૦. જુદી જુદી માન્યતા (૬)
૧૧. ધમાલ-મસ્તી (૩)
૧૨. દોડવું, ... મુકવી (૨)
૧૪. એક પ્રકારનું કાપડ (૪)
૧૫. કુરબાન (૪)
૧૬. કપડા, જોડા સહિત (૩)
૧૯. ... ટર્મલિક, એક કંપની જે પેસ્ટ, ક્રીમ, ટુથપેસ્ટ વગેરે બનાવે છે (૨)

### શબ્દાવલી ૪૯૯૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) કાળાધોળા (૩) અજ (૫) ઈત્તિફાક (૬) યોજના (૮) દીર્ઘ (૯) ખમ (૧૦) સામે (૧૧) આસન (૧૪) ધરી (૧૫) રૂજ (૧૭) ત્યાગ (૧૯) ગ્રહ (૨૦) નીયત (૨૧) સુલેહ

**ઊભી ચાવી :-** (૧) કાકલૂદી (૨) ધોરિયો (૩) અફાટ (૪) જક (૫) ઈનામ (૭) જખમેરૂ (૧૨) સત્યાગ્રહ (૧૩) નગહ (૧૪) ધમની (૧૬) જડસુ (૧૮) જાત

### ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન, 'ગીર' ફાઉન્ડેશન, ગાંધીનગર

**સીવીલ કામોના માલસામાન-વ-મજુરી કામ અંગેના ટેન્ડરના ભાવોની જાહેરાત**

તા. ૨૦/૨/૨૦૧૩ ગુજરાત સમાચાર તથા ગાંધીનગર સમાચાર દૈનિક વર્તમાનપત્રમાં ઉપર વિષય બાબતોની પ્રસિદ્ધ થયેલ જાહેરાતના અનુસંધાને ટેન્ડર ભાવો નિયત પ્રમાણમાં નહીં મળતાં સબબ ખરીદી-વ-મજુરી અંગે યથાયોગ્ય ટેન્ડર ભાવો અત્રેને મળે તે રૂએ કોરા ટેન્ડર ફોર્મ અત્રેની કચેરીએથી મેળવવાની મુદ્દત તા. ૯/૩/૨૦૧૩ બપોરના ૧૨-૦૦ વાગ્યા સુધી લંબાવવામાં આવે છે અને તેવાં ભાવ ભરેલા ટેન્ડર ફોર્મ પહોંચાડવાની મુદ્દત તા. ૫/૩/૨૦૧૩ની હતી, તે લંબાવી તા. ૧૨/૩/૨૦૧૩ સાંજે ૫-૦૦ વાગ્યા સુધી આર.પી.એ.ડી.થી અત્રેને મળે તે રૂએ ટેન્ડર ભાવો મોકલી આપવા સુચવવામાં આવે છે અને તદ્દનુસારના મળેલ ટેન્ડર ભાવો તા. ૧૨/૩/૨૦૧૩ના રોજ ૧૭-૦૦ કલાકે નાયબ નિયામકશ્રી, આર. એન્ડ ડી., 'ગીર' ફાઉન્ડેશનની ચેમ્બરમાં ખોલવામાં આવશે.

સંપર્ક ફોન નં. : ૨૩૨ ૨૦૫૬૦
તા. : ૫/૩/૨૦૧૩
માહિતી/૨૩૯૧/૧૨-૧૩

પાર્ક વોર્ડન
ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન,
'ગીર' ફાઉન્ડેશન, ગાંધીનગર

### જાહેર નિવિદા

**વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે) પુરી પાડવા અંગે**

જિલ્લા કલેક્ટર કચેરી, ગાંધીનગર જિલ્લા સેવા સદન, સે.૧૧, ગાંધીનગર હસ્તકની ચૂંટણી શાખાને ડિઝલ સંચાલિત નોન એસી વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે) પૂરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો, સીલબંધ કવરમાં ફક્ત રજી.પો.એ.ડી.થી પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ તરીકે અલગ અલગ સવરમાં મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧-૦૦ થી ૧૩-૦૦ કલાક વચ્ચે તા. ૧૫/૩/૨૦૧૩ સુધી કલેક્ટર કચેરી, ચુંટણી શાખા ખાતેથી અરજી સાથે કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, ગાંધીનગરના નામનો રૂ. ૧૦૦૦/-નો ડીમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે (પરત નહીં ચુકવવા પાત્ર) ટેન્ડર ફીની ચુકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે.

કોઈપણ ટેન્ડરો કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે. અને ટેન્ડર ભરનારને કચેરીના વખતો વખતના હુકમો બંધનકર્તા રહેશે.

ઈચ્છા ધરાવતી એજન્સીઓ દ્વારા કચેરીની મુલાકાત લઈ કચેરીની જરૂરિયાત, કચેરીની સ્થિતિ વગેરેથી સુમાહિતગાર થઈ શકાશે.

પૂર્વ લાયકાત અને ભાવપત્રકના અલગ ભરેલા ટેન્ડર ફોર્મ ઉપર્યુક્ત અધિકારીને તા. ૧૬/૩/૧૩ના રોજ ૧૫-૦૦ કલાક સુધીમાં મળી જાય તેમ મોકલવાના રહેશે. મળેલ ટેન્ડર તેજ દિવસે ૧૬-૦૦ કલાકે ખોલવામાં આવશે.

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૫/૩/૧૩
માહિતી/૨૩૮૫/૧૨-૧૩

સહી/-
કલેક્ટર અને જિલ્લા ચુંટણી અધિકારી,
ગાંધીનગર

અલ્ટ્રાટેક સિમેન્ટ
ઍન્જિનિયરની પસંદગી



FAIR MATE Water Proofing Solution
VIRAT TMT BARS
UTKARSH TMT BARS
સાથ, સહકાર અને વિશ્વાસ
સ્ટોકિસ્ટ :- શ્રી વૈષ્ણી ટ્રેડર્સ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
(O) : 23226929 M. 98251 36929, 99250 39672, 99250 33729

SANGHI CEMENT
KisaN
VINAYAK 500 TMT BARS - ISI
SANGHI STEEL - ISI
BENELAVE
DR.FIXIT FOR HEALTHY CONSTRUCTION
TATA STEEL • PIPES • SHEETS
ashirvad C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ